દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૦ માર્ચ, ૨૦૨૬

# ભારે વિલંબીત થઈ રહેલો ભારત-અમેરિકા વેપાર કરાર

ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર માટે વાટાઘાટો શરૂ કરવાની સંમતિના લગભગ એક વર્ષ પછી, બંને દેશોએ વચગાળાના કરાર પર સંમતિ સાધીને પ્રથમ પગલું ભર્યું, આ કરાર આ બંને વ્યૂહાત્મક ભાગીદારો વચ્ચેના ખરાબ સંબંધોના સમયગાળાનો અંત લાવે એવી આશા સર્જાઇ હતી , જે સંબંધો બગડવાની શરૂઆત ઓગસ્ટ 2025 માં થઈ હતી જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી થતી આયાત પર 25% ટેરિફ લાધા હતા અને રશિયન ક્રૂડ ઓઈલની આયાત કરવા બદલ દંડ તરીકે વધારાના 25% ટેરિફ ઝીંક્યા હતા.

વચગાળાના કરારના મુસદ્દામાં એવું નક્કી થયું કે અમેરિકા ભારતની આયાત પરના ટેરિફ 50% થી ઘટાડીને 18% કરશે, જ્યારે ભારત કેટલીક મહત્વપૂર્ણ છૂટછાટો આપશે. પ્રથમ, ભારત અમેરિકાથી આયાત થતી તમામ ઔદ્યોગિક વસ્તુઓ અને ખાદ્ય તેમજ કૃષિ પેદાશોની વિશાળ શ્રેણી પરના ટેરિફ અને બિન-ટેરિફ અવરોધોને નાબૂદ કરશે અથવા ઘટાડશે. બીજું, સંયુક્ત નિવેદન સાથે બહાર પાડવામાં આવેલા ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર મુજબ, ભારત રશિયન તેલની સીધી કે આડકતરી રીતે આયાત કરવાનું બંધ કરશે. ખેત પેદાશો માટે અમેરિકાનું બજાર ખુલ્લુ મૂકી દેવાની વાત અને રશિયન ઓઇલ નહીં મંગાવવાની વાતે ભારતમાં ખાસ્સો વિવાદ સર્જ્યો. કૃષિ પેદાશોના મામલે ખેડૂતોએ વિરોધ પ્રદર્શનો પણ કર્યા, જો કે સરકારે કરેલા ખુલાસાઓ પછી મામલો કંઇક શાંત થયો અને હવે કરાર થઇ જશે એવું લાગતું હતું. પરંતુ અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના વૈશ્વિક ટેરિફોને ગેરકાયદે ઠરાવ્યા અને રદ કર્યા, તે પછી ફરી સંજોગ બદલાયા. સુપ્રીમ કોર્ટના આદેશની ટીકા કરવાની સાથે ટ્રમ્પે નવેસરથી હંગામી દસ ટકા ટેરિફો જુદા કાયદા હેઠળ લાધા. ભારત માટે ટેરિફ મામલે ફરી ગુંચવાડો ઉભો થયો. હવે ભારત સરકારે જાહેર કર્યું છે કે અમેરિકાના ટેરિફ માળખા અંગે સ્પષ્ટતા થશે પછી જ આ કરાર થશે. ભારત અને અમેરિકા વચ્ચેના સૂચિત વેપાર કરાર પર હસ્તાક્ષર ત્યારે જ થશે જ્યારે વોશિંગ્ટન દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા નવા ટેરિફ (જકાત) માળખા પર સ્થિતિ સ્પષ્ટ થશે, તેમ સરકારે સોમવારે જણાવ્યું હતું. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે બંને દેશો હાલમાં કરારની ઝીણવટભરી વિગતો પર ચર્ચા કરી રહ્યા છે, જે સૂચવે છે કે વાટાઘાટો હજુ પ્રગતિમાં છે. અગ્રવાલે ઉમેર્યું હતું કે,



અમે અત્યારે અમેરિકા સાથે વિગતો પર વાત કરી રહ્યા છીએ અને નવું ટેરિફ આર્કિટેક્ચર અમલમાં આવ્યા બાદ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે.

આ વચગાળાનો વેપાર કરાર, જેનું માળખું ગયા મહિને નક્કી કરવામાં આવ્યું હતું, તેના પર અગાઉ માર્ચમાં સાઇન થવાની અપેક્ષા હતી. જોકે, અમેરિકાની વેપાર નીતિમાં આવેલા બદલાવને કારણે આ સમયરેખા લંબાઈ છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત અનેક દેશો પર લાદવામાં આવેલા વ્યાપક ટેરિફને તાજેતરમાં યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યા હતા, જેનાથી જૂનું ટેરિફ માળખું દૂર થઈ ગયું હતું. આ ચુકાદા પછી, યુએસ વહીવટીતંત્રે પેમેન્ટ બેલેન્સની ચિંતાઓને કારણે કલમ 122 હેઠળ તમામ દેશોની આયાત પર 10% કામચલાઉ ટેરિફ લાધો છે, જે આગામી પાંચ મહિના સુધી ચાલુ રહી શકે છે. આ બદલાયેલા સંજોગોને કારણે બંને દેશોના મુખ્ય વાટાઘાટકારોની બેઠક પણ હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. ભારત આ કરાર દ્વારા અમેરિકી બજારમાં સ્પર્ધાત્મક લાભ મેળવવા ઈચ્છે છે. શરૂઆતના માળખા મુજબ, ભારતીય માલસામાન પરનો ટેરિફ 50% થી ઘટાડીને 18% કરવાની દરખાસ્ત હતી, જે ભારતને ચીન, વિયેતનામ અને થાઈલેન્ડ જેવા હરીફો સામે મજબૂત સ્થિતિમાં મૂકતે. જો કે, હવે અંતિમ ટેરિફ રેટ અમેરિકાના નવા માળખા પર નિર્ભર રહેશે. વાણિજ્ય સચિવે જણાવ્યું કે અત્યારે નોન-ટેરિફ બેરિયર્સ અને સેક્શન 232 હેઠળની વિગતો પર કામ ચાલી રહ્યું છે જેથી ભવિષ્યમાં કોઈ વિલંબ ન થાય. બીજી તરફ, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) દ્વારા ભારત અને ચીન સહિતના દેશોની ઔદ્યોગિક નીતિઓ અને ફોર્સ્ડ લેબર (બળજબરીથી મજૂરી) સંબંધિત તપાસ પણ ચાલી રહી છે. ભારતીય અધિકારીઓ આ તપાસનો અભ્યાસ કરી રહ્યા છે અને તેમનું માનવું છે કે વેપાર કરાર સાઇન થતાની સાથે જ આમાંના ઘણા મુદ્દાઓ ઉકેલાઈ જશે. હવે શું થાય છે તે જોવાનું રહે છે.

## વાત સમજવા જેવી



એક વાર નદીને પોતાના પાણીને પોતાના પ્રચંડ પ્રવાહનું, પોતાની ઉપયોગિતાનું ખૂબ ઘમંડ થઈ ગયું. નદીએ વિચાર્યું કે 'મારામાં કેટલી તાકાત છે, છેક પહાડની ટોચમાંથી જન્મી, સતત અટક્યા વિના આગળ ને આગળ વધીને, લાંબો રસ્તો કાપીને દરિયાને મળવા જઈ શકું છું. રસ્તામાં કિનારે વસનાર બધાને મારું પાણી વાપરવા આપી કલ્યાણ કરું છું. ખેતરને લીલાંછમ રાખું છું અને મારા પ્રચંડ પ્રવાહમાં એટલી તાકાત છે કે રસ્તામાં આવતા પહાડને તોડી પથ્થર અને પથ્થરને તોડી કાંકરા બનાવી દઉં છું. જોડે મકાન, વૃક્ષ, પશુ, માનવ, જે પણ મારા પ્રવાહમાં વચ્ચે આવે તેને મારી સાથે વહાવીને લઈ જાઉં છું.'' પોતાની આ બધી તાકાતના ગર્વ સાથે નદી સમુદ્રને મળી અને ખૂબ જ અભિમાની અંદાજથી તેણે સમુદ્રને પૂછ્યું, ''બોલો સ્વામી, હવે તમારા માટે શું લઈ આવું? મકાન, પશુ, માનવ, વૃક્ષ, વગેરે જે તમે ઈચ્છો તે બધું જ હું જડમૂળમાંથી ઉખાડીને અહીં લઈને આવીશ.'' સમુદ્ર નદીની વાત સાંભળી સમજી ગયો કે નદીને અહંકાર થયો છે. તેણે વિચાર્યું, જો આ અહંકાર દૂર નહીં થાય તો બધાને જ નુકસાન થતું રહેશે. સમુદ્રે વિચારી લીધું કે આ અહંકાર દૂર કરવો જ પડશે.તેણે નદીને કહ્યું, '' મને સ્વામી કહેનારી કોઈને જડમૂળથી ઉખેડીને નુકસાન કરે તે મને પસંદ નથી. આજથી તું મને પ્રિય નથી.'' નદીને આવા ઉત્તરની આશા ન હતી. તે ચૂપ થઈ ગઈ. સમુદ્રે આગળ કહ્યું, '' જો મારા માટે કંઈક લાવવાની જરૂર નથી. મારા પેટાળમાં અનેક રત્નો છે. મને કંઈ નથી જોઈતું.પણ હા, જો તું કરી શકે તો એટલું પાણી લઈ આવજે, જે મારામાં ભળી જાય તો મારી ખારાશ દૂર થઈ જાય.'' નદી મૂંઝાઈ ગઈ કારણ આ કાર્ય કરી શકવાની તેની તાકાત ન હતી. નદીએ સમુદ્રને સમજાવતાં કહ્યું, '' સ્વામી, આપનું પાણી ખારું જ છે. હું તે મીઠું કરી શકું તેમ નથી. મારું બધું જળ હું તમારા જળમાં નાખું છું છતાં પણ આપનું પાણી ખારું જ રહે છે. આપ સમજો, આપના જળમાં જે ખનિજો છે તેને લીધે ખારો સ્વાદ છે જે ઉપયોગી છે. તમે બીજું કંઈ કહો. હું તે કામ કરી બતાવીશ. સમુદ્રે કહ્યું, ''તું મારી વાત સમજ, જો મારો ખારો સ્વાદ ઉપયોગી હોય તો તારો પ્રચંડ વેગ પણ કલ્યાણકારી હોવો જોઈએ, કોઈને નુકસાનકારક નહીં. તું તારો અહંકાર છોડ અને કલ્યાણમાર્ગ અપનાવ. વેગને શાંત કર... ધીમી પડ... માર્ગમાં વધીને વધુ લોકોનું કલ્યાણ કર નુકસાન ન કર... નદીનો વેગ શાંત થયો અને તેનો ગર્વ દૂર થયો.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# વિશ્વજળ દિવસ: પાણી, મહિલાઓ અને સમાનતાની દિશામાં એક ચર્ચા

પાણી વિના જીવન શક્ય નથી. દરેક વ્યક્તિને શુદ્ધ પાણી મળવું એ મૂળભૂત માનવ અધિકાર છે. છતાં હકીકત એ છે કે વિશ્વમાં કરોડો લોકો સુરક્ષિત પીવાનાં પાણીથી વંચિત છે. પાણીના સ્રોતો પર વધતાં ભારણ, હવામાન પરિવર્તન અને વસ્તીવૃદ્ધિના કારણે આ સમસ્યા વધુ ગંભીર બની રહી છે. પાણીનો બેફામ ઉપયોગ અને એના વપરાશમાં જોવા મળતું બિનજવાબદાર આયોજને દુનિયામાં પાણીનાં સંકટને અતિ ગંભીર બનાવ્યું છે. આ વિશે જાગૃતિ લાવવા અને લોકોને પાણીના સંરક્ષણ અને યોગ્ય સંચાલન માટે યોગ્ય પગલાં ભરી શકાય એ હેતુથી સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે ૨૨ માર્ચના દિવસને 'વિશ્વજળ દિવસ' તરીકે ઉજવે છે. એની શરૂઆત છેક 1993માં કરવામાં આવી, પણ વર્ષો જતાં પ્રશ્નનો હલ આવવાને બદલે એ વધુ ને વધુ વણસી રહ્યો છે! પાણી માનવજાત સામે વિવિધ સ્વરૂપે પડકાર ઊભા કરતું રહે છે. ક્યારેક અચાનક વરસી ગયેલા બેસુમાર વરસાદનાં પાણીનો નિકાલ કરવાની સમસ્યા તો ઉનાળાની શરૂઆત સાથે સુકાતાં નદી-નાળાં સાથે ઊભી થતી પાણીની અછત. વાદળ ફાટવાથી થયેલા જળપ્રપાતે કરેલા જાન-માલના નુકસાનને પહોંચી વળવાનો પડકાર તો વળી પાણીનાં તળ ઊંડાં જતાં વધતી પાણી અને જમીનની સાંદ્રતા. આ બધી સમસ્યાઓ પાણીના બિનજવાબદાર ઉપયોગ અને જળ-વાયુ પરિવર્તનની ઘટનાઓ વચ્ચેનો ગાઢ સંબંધ દર્શાવે છે.

પાણીનો પ્રશ્ન માત્ર પર્યાવરણ કે વિકાસનો મુદ્દો નથી; તે સામાજિક ન્યાય અને લિંગ સમાનતાનો પણ પ્રશ્ન છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને 'વિશ્વજળ દિવસ'નો ૨૦૨૬નો થીમ છે "Water and Gender: Where water flows, equality grows"-એટલે કે જ્યાં પાણી પહોંચે છે ત્યાં સમાનતાનો વિકાસ થાય છે. આ થીમ ખાસ કરીને મહિલાઓ અને પાણી વચ્ચેના સંબંધને કેન્દ્રમાં રાખે છે. પાણીની અછત, પાણીનું પ્રદૂષણ અને પાણીના સંચાલન (અથવા ગેરસંચાલન)ને કારણે ઊભી થતી મુશ્કેલીઓનો ભાર પિતૃસત્તાક સામાજિક મૂલ્યોને કારણે સ્ત્રીઓના ભાગે અનેકગણો વધારે આવે છે. વિશ્વના ઘણા દેશોમાં પાણી લાવવાની જવાબદારી મહિલાઓની ગણાય છે.

## કહેવાની વાત

**નેહા શાહ**

> **જ્યારે પાણી લાવવા પાછળ મહિલાઓએ લાંબો સમય આપવો પડે છે, ત્યારે તેમને શિક્ષણ, રોજગાર અથવા સામાજિક જીવનમાં ભાગ લેવા માટે પૂરતો સમય મળતો નથી**

ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ પાણી ભરવાની જવાબદારી હજુ પણ મોટા ભાગે સ્ત્રીઓના માથે જ છે અને એ માટે સ્ત્રીઓ આખા વર્ષ દરમ્યાન ૨૧૦ કલાક ફાળવી ૧૭૩ કિલોમીટર ચાલે છે - એટલે કે ૨૭ આખા દિવસ. અંતરિયાળ ગામોમાં અતિ ગરીબીમાં જીવતાં કુટુંબોમાં આ સમય સાઠ દિવસ જેટલો પણ હોઈ શકે! એટલો સમય કામના કલાકોમાંથી કપાય એટલે એટલી આવક ઓછી અને ગરીબી માટે રસ્તો ખુલ્લો! જ્યાં ઘરમાં નળ દ્વારા પાણી ઉપલબ્ધ નથી એવાં ઘરોમાં લોકો મળીને દરરોજ ૯૬.૬ મિલિયન કલાક પાણી લાવવામાં ખર્ચે છે, જેમાંથી લગભગ ત્રણ ચતુર્થાંશ સમય મહિલાઓ ખર્ચે છે. વળી, વજન ઊંચકીને લાંબુ ચાલવાને કારણે તંદુરસ્તી પર પણ અસર પડે છે. રોજે રોજ આ પ્રક્રિયામાં મહિલાઓનો બહુ મોટો સમય અને શક્તિ ખર્ચાય છે. આ પ્રશ્ન એટલો ગંભીર છે કે મહારાષ્ટ્રના પાણીની અછતવાળા પ્રદેશોમાં બહુ પત્નીત્વની પ્રથા ફરીથી શરૂ થઇ હોવાનું નોંધાયું છે જેથી એકથી વધુ પત્નીઓ પાણી ભરવા વારા રાખી શકે! શહેરોમાં પણ પરિસ્થિતિ બહુ સારી તો નથી. ટેન્કર દ્વારા પાણી પહોંચતું હોય ત્યાં લાંબી લાઈનમાં ઊભા રહેવાનું અને એમાંથી ઊભા થતા ઝઘડાનું દૃશ્ય ઘણું સામાન્ય છે.

પાણીની સમસ્યા માત્ર અછત સુધી મર્યાદિત નથી. પ્રદૂષિત પાણીની સમસ્યા પણ એટલી જ ગંભીર છે. અસુરક્ષિત પાણીના કારણે ડાયરિયા, કોલેરા અને ટાઈફોઈડ જેવી બીમારીઓનું પ્રમાણ ઘણું વ્યાપક છે. ઘરમાં માંદગી આવે ત્યારે પરિવારજનોની સંભાળ રાખવાની મુખ્ય જવાબદારી સામાન્ય રીતે મહિલાઓ પર જ હોય. પરિણામે જ્યારે બીમારીઓ વધે છે ત્યારે મહિલાઓ પર અવેતન કામનો ભાર પણ વધે.

ચિત્રકામના વર્ગમાં બાળકો પાસે 'પનિહારી'નું ચિત્ર દોરાવીએ છીએ ત્યારે બાળકને માથે ઉંચકાયેલા બેડાં પાછળ છુપાયેલા કષ્ટથી વાકેફ નથી કરતા અને આડકતરી રીતે પાણી ભરવાની જવાબદારી સ્ત્રીઓની જ ગણતાં સામાજિક મૂલ્યનું મહિમાગાન કરીએ છીએ! હકીકતમાં આ "સમયની ગરીબી" (time poverty) નું ઉદાહરણ છે. જ્યારે પાણી લાવવા પાછળ મહિલાઓએ લાંબો સમય આપવો પડે છે, ત્યારે તેમને શિક્ષણ, રોજગાર અથવા સામાજિક જીવનમાં ભાગ લેવા માટે પૂરતો સમય મળતો નથી. ઘણી જગ્યાએ છોકરીઓને સ્કૂલ પણ છોડવી પડે છે અથવા નિયમિત રીતે અભ્યાસ કરી શકતી નથી. કહેવાની જરૂર ખરી કે જો આ સમય જો શિક્ષણ, રોજગાર અથવા આવક સર્જન માટે વપરાય તો મહિલાઓની આર્થિક અને સામાજિક સ્થિતિમાં મોટો ફેરફાર આવી શકે! વિશ્વજળ દિવસ 2026નો સંદેશ સ્પષ્ટ છે: પાણીનો પ્રશ્ન માત્ર સંસાધનોના અભાવનો પ્રશ્ન નથી, પરંતુ તે સમાનતા અને ન્યાયનો પ્રશ્ન પણ છે. જ્યારે ઘરની નજીક સુરક્ષિત પાણી ઉપલબ્ધ થાય ત્યારે છોકરીઓ વધુ શિક્ષણ મેળવી શકે, મહિલાઓને રોજગાર માટે સમય મળે અને સમગ્ર સમાજ વધુ સ્વસ્થ બની શકે. આ માટે સંયુક્ત રાષ્ટ્રે મહિલાઓને પાણી સંબંધિત નિર્ણયો લેવામાં સમાન અવાજ અને નેતૃત્વનો અધિકાર મળે એ અભિગમ સાથે જળસુરક્ષાનું કામ આગળ વધારવાનું આહ્વાન કર્યું છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે*

# ગામડાંઓ જીવવાલાયક રહે તો એ જીતવાલાયક રહે

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. આમ તો સત્તાધારી ભાજપ ગામડાંઓ અને ખાસ તો ખેડૂતો માટેની જાહેરાતો કરતો થઈ ગયો છે. આગામી ચૂંટણીઓ જીતવી હોય તો ગામડાંઓ ઉપર ધ્યાન આપવું પડશે એમ એમને લાગ્યું છે. હવે પ્રશ્ન એ છે કે ગામડાંઓનો વિચાર માત્ર ચૂંટણી જીતવા જ કરવાનો. ધારો કે આ વખતે પણ ગ્રામ પંચાયતોમાં ભાજપ જીતી હોત તો ગામડાંઓ ઉપર ધ્યાન ના ગયું હોત ને? ગામડાંઓને માત્ર રાજકીય જીત-હારનાં સમીકરણથી જોવાનું બંધ કરો. આપણાં ગામડાંઓ વિકટ સામાજિક અને આર્થિક પ્રશ્નોથી ઘેરાઈ ગયાં છે, જેનો ઉકેલ માત્ર સરકાર પણ લાવી શકે તેમ નથી કારણ કેટલાક પ્રશ્નો માત્ર સુવિધાના નથી, સમજણના પણ છે. આપણાં ગામડાંઓ એ મોટાં ઘરડાંઘર બની ગયાં છે. માત્ર સ્ત્રીઓ અને વૃદ્ધો જ ત્યાં રહે છે. યુવાનો તો બધાં શહેર તરફ જ ભાગી રહ્યાં છે. શિક્ષણની જેમ ખેતી પણ યુવાનો માટે આકર્ષક રહી નથી અને શા માટે રહે? ના પૈસો, ના પ્રતિષ્ઠા, કંઈ તો એમાં મળતું નથી. ગુજરાતનાં ગામડાંમાં સવારે એક બસ આવે, સાંજે એક બસ આવે, બીમાર પડો તો દાકતરને બતાવવા શહેરમાં જ જવું પડે. દવા લેવા પણ શહેરમાં જ જવું પડે. ભણવા માટે પણ શહેરમાં જ જવાનું અને નોકરી તો શહેરમાં જ હોય. પાયાની એવી કઈ સુવિધા છે, જે ગામડાંમાં આજે પણ મળે છે?આપણે અદ્ભુત વિકાસ કર્યો છે કે ગામડાં ખાલી થઈ રહ્યાં છે. મીડિયા પણ ગામડાંના પ્રશ્નોમાં રસ લેતું નથી. છાપાવાલા ગામડાંના સમાચાર છાપતા નથી. આવાં ગામડાં નવી પેઢી માટે જીવવાલાયક રહ્યાં નથી. આ ગામોને જીતવા માટે શું મહેનત કરવાની? ગામડાંઓની જમીનો સિવાય હવે કોઈને કશામાં રસ નથી. રાજ્ય સરકારો હમેશાં ગામડાંની ગોચર જમીનો સત્તાનો દુરુપયોગ કરીને વેચી મારવા સિવાય ગામડાંમાં ક્યારેય રસ લેતાં નથી.

ગામડાંમાં રોજગાર નથી, આવકો નથી, એટલે સરકાર જ નહિ ખાનગી બજારને પણ ત્યાં રસ નથી.ના મનોરંજનનાં સાધનો, ના સિનેમાઘરો, ના ખાનગી શાળાઓ, કાંઈ જ ગામડાંમાં મળતું નથી. એટલે ખરીદી માટે પણ સૌ શહેરમાં જ આવે છે. ગામડાંઓ માટેની આ ઉપેક્ષા જ વધતા શહેરીકરણનું કારણ છે. આપણાં શાસકોએ આ વાત સમજવાની જરૂર છે. સત્તા મેળવવાના નામે પણ જો ગામડાંઓની પાયાની જરૂરિયાત પૂરી થશે તો તે જીવવાલાયક બનશે.

ગ્રામ્ય ક્ષેત્રે માત્ર આર્થિક બદલાવની નહિ, સામાજિક અને વૈચારિક બદલાવની પણ જરૂર છે. આપણા ધર્મગુરુઓથી માંડીને સામાજિક કાર્યકરોએ આ કામ કરવા જેવું છે. યુવાનો શહેર તરફ ભાગે છે એનું એક કારણ ગામડાંની માનસિકતા છે. પરંપરા અને રૂઢિઓ છે. ગામડાંઓમાં બધી જ સુવિધા પછી પણ જો માનસિકતા ના બદલાય તો યુવાનો ગામ છોડશે જ. આ કામ માત્ર રાજનેતાઓનું નથી. આપણાં સૌનું છે. આ ચૂંટણીનાં પરિણામોમાંથી બોધપાઠ લઈ આપણે સૌ ભારતના ખાસ તો ગુજરાતના ગ્રામીણ વિકાસમાં લાગીએ તો જ ખરું ભારત તો ગામડામાં વસેલું છે એ વાત સાચી પડે. દર દસ વર્ષે થતી વસ્તી ગણતરી થઈ નથી. બાકી આપણને સમજાત કે ગામડાંમાં હવે ખરેખર કેટલી વસ્તી રહી છે. હમણાં જ રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે આપણાં અખબારોએ હરખભેર છાપ્યું કે ગુજરાતનાં પાંચ મોટાં શહેરોમાં કુલ વસ્તીના પચાસ ટકાથી વધુ વસતી યુવાન છે. જો કે ગામડાંના યુવાનો નોકરી માટે શહેરોમાં આવ્યાં છે તે વાત તેમણે સાવચેતીપૂર્વક છુપાવી દીધી. ચાર-પાંચ મોટાં શહેરોમાં યુવાનો વધારે છે પણ રાજ્યનાં હજારો ગામડાંઓમાં માત્ર સ્ત્રીઓ અને વૃધ્ધો જ રહે છે તે વધારે ચિંતાનો વિષય છે.

માનનીય વડાપ્રધાન શ્રી જ્યારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે રૂરલ અર્બનના શબ્દો ભેગા કરીને દરેક ગામડું શહેર બને તેવી સુવિધા વિકસાવવાનાં વચન આપ્યાં હતાં પણ તેમના વડાપ્રધાન બન્યાનાં દસ વર્ષ પછી પણ ગુજરાતના નર્મદા, છોટા ઉદેપુર જેવા અનેક તાલુકા ક્ષેત્રોનો પણ વિકાસ નથી થયો. સ્થિતિ તો એ છે કે અમદાવાદ, રાજકોટ, વડોદરા જેવાં શહેરોમાં પણ અમુક વિસ્તારનો જ વિકાસ થાય છે, બીજા તો માત્ર મતદાન કરવા માટે જ રાખ્યા છે.

તો આવનારી ચૂંટણીઓમાં પ્રજા થોડી વધારે જાગૃત થઈ,પોતાના લોક પ્રતિનિધિ ચૂંટે અને રાજકીય પક્ષો થોડા વધુ જવાબદાર બને તેવી અભ્યર્થના.

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **આપણાં ગામડાંઓ એ મોટાં ઘરડાંઘર બની ગયાં છે. માત્ર સ્ત્રીઓ અને વૃદ્ધો જ ત્યાં રહે છે. યુવાનો તો બધાં શહેર તરફ જ ભાગી રહ્યાં છે**

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે*

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### તાપી પુરા અને તાપી ભવન

સુરત મહાનગરપાલિકાના વહીવટી ભવનનું નામ બદલવાની દરખાસ્ત જનરલ બોર્ડમાં રજૂ થઇ અને સેન્ટ્રલ ઝોનમાં આવતાં મુગલીસરા વિસ્તારને તાપીપુરા નામ આપવામાં આવ્યું. સુરત શહેરનો આ વિસ્તાર હવેથી તાપીપુરા અને તાપીભવનના નામે ઓળખાશે. સુરતની જીવાદોરી સમાન તાપી નદી માત્ર જળસ્રોત નથી પણ આપણી સંસ્કૃતિ, ઉદ્યોગ અને ઈતિહાસનું અભિન્ન અંગ છે. આ નદીએ આપણી ચડતી-પડતી જોઈ છે અને એની એ સાક્ષી પણ છે. નવા નામકરણ તાપીપુરા અને તાપી ભવન થકી આ વિરાસત વધુ મજબૂત અને ગૌરવપૂર્ણ બનશે. ખરેખર, આ બે નામ બોલાતાં અંગત સ્વજનની અનુભૂતિ થયા વગર રહેતી નથી. આવા ગૌરવપૂર્ણ કાર્ય કરવા બદલ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન.

**સુરત - શીલા સુભાષા ભટ્ટ**

### વિચારોનું વમળ

આપણે કેવા તે ભાષા નક્કી કરે છે. આપણે કેવા છે. તે ધર્મ, જ્ઞાત, જાત, સમાજ, રીત-રિવાજ, ભણતર -ગણતર, આવડત, હોશિયારી, જ્ઞાની -અજ્ઞાની, દેશ- વિદેશ કે માણસ નક્કી નથી કરતો. નક્કી કરે છે તેની ભાષા. કોઈપણ ઘટના વ્યક્તિના કારણે બનતી નથી. પણ ભાષાના કારણે બનતી હોઈ છે. જો ભાષાના વિવેક થકી આપણે આપણા દ્રષ્ટિકોણને યથાયોગ્ય સ્થાન આપીશું તો આપણે આદરને પાત્ર બનીશું. આપણી ભાષામાં ખૂબી હોવી જોઈએ, ખામી નહિ.ભાષામાં અંગત સ્વાર્થ ન હોવો જોઈએ, ભાષામાં દલીલ નહિ પણ સંવાદ હોવો જરૂરી છે.

ભાષામાં સ્વપણું જો બદલાય જાય તો ભાષાના બદલાવ થકી બીજાના વ્યક્તિત્વનો પ્રભાવ અવશ્ય બદલી શકાય. ભાષા એ તો જુદી જુદી લાગણીઓથી ગૂંથાયેલ માળા છે. જેમાં લાભ,લોભ,ક્રોધ,સુખ, દુ:ખ વિગેરે મણકાની ગણતરીમાં આવી જતી હોઈ છે. ભાષા સારી વાપરીએ તો તે આપણને લાભ અને સુખ આપે છે અને તેનો નઠારો ઉપયોગ કરીએ તો ક્રોધ અને દુ:ખ આપે. છેલ્લે ભાષા એ મિસાઈલ જેવી છે, જયાં સુધી ફૂટે કે તૂટે નહિ ત્યાં સુધી બરાબર છે, જો તૂટે કે ફૂટે તો લોહીલુહાણ કરે એવું ભાષાનું પણ છે.

**સેગવા - સલીમ પટેલ**

### અમેરિકા એશિયામાં દખલગીરી કરી અંશાતિ ફેલાવે છે

ઈરાન ન્યુક્લિયર બોમ્બ બનાવે છે તેનાથી ઈઝરાઈલના અસ્તિત્વ પર જોખમ છે એવું કહી અમેરિકા અને ઈઝરાઈલે ઈરાન પર હુમલો કરી યુધ્ધ શરૂ કર્યું છે. બંને પક્ષોને ભારે ખુવારી થઈ રહી છે. અમેરિકાના માત્ર લશ્કરી બેઝ પર હુમલા થયા છે કારણ કે ઈરાનથી અમેરિકા લગભગ 11000 કિલોમીટર દૂર છે તેથી ઈરાની મિસાઈલ ત્યાં સુધી પહોંચી શકતી નથી અને ફાઈટર પ્લેનોથી આટલા લાંબા અંતરથી હુમલો કરવાની શક્યતા ઓછી છે તેથી અમેરિકાનાં નાગરિકોનું કે જાન માલ મિલકતોનું કોઈ જ નુકસાન થવાનું નથી. અમેરિકા એ આરબ દેશોમાં પોતાના લશ્કરી બેઝો રાખ્યા છે ઈરાન હાલ એ બેઝ ઉપર હુમલા કરે છે તો તેનું નુકસાન અરબ જગતને થાય છે.

અમેરિકાના તો માત્ર હથિયાર અને સૈનિકોનું નુકસાન થાય છે તેની સામે ઈરાનનું નુકસાન વધારે થાય એ દેખીતી વાત છે. અમેરિકા કાયમ એશિયામાં દખલગીરી કરી અંશાતિ ફેલાવે છે અને હવે ઈરાનની સામે અમેરિકા ઈઝરાઈલ બંને સાથે મળી યુદ્ધ કરીને તેને પાયમાલ કરી ત્યાં કઠપૂતલી સરકાર બેસાડવાનો અને ક્રુડ પર કબજો કરવાનો મનસુબો હોય તેવી પુરી શક્યતા છે. અમેરિકાની નીતિથી દુનિયાના દેશોનું અર્થતંત્ર ખોરવાતાં પરેશાન છે જેવી રીતે ચંગેઝ ખાને દુનિયામાં તબાહી મચાવી હતી તેની સરખામણી હાલ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે થઈ શકે છે. નજીવા કારણસર કોઈ દેશ પર પ્રતિબંધ લગાવવો કે વેનેઝુયેલાના પ્રમુખનું અપહરણ કરવું કે યુદ્ધ જાહેર કરવું તે હવે ટ્રમ્પની રણનીતિ બની ગઈ છે. દુનિયાના સભ્ય કે મજબુત કહેવાતા દેશોએ પણ લાચાર થઈ તમાશો જોવા મજબૂર થવું પડે તે દુનિયાના દેશોની ટ્રમ્પની દાદાગીરીનો સ્વીકાર કરેલો કહી શકાય.

**સુરત - વિજય તુઈવાલા**

### પરત ફરતી હૂંડી

આર્થિક વ્યવહાર સાથે વેપાર-ઉદ્યોગ ચાલતા રહ્યા છે. મોટા આર્થિક વ્યવહાર માટે કંપની, સોસાયટી, સંસ્થાઓ પ્રસ્થાપિત થઈ. મોટી નાણાંકીય રકમ માટે શાખ ધરાવનારાઓ જમાનામાં હૂંડી પરત ફરવાની ઘટના ખૂબ જ ઓછા પ્રમાણમાં બનતી હતી પણ જ્યારે આ સુવિધાએ ચેક સ્વરૂપ ધારણ કર્યું, તે પછી ચેક પાછા ફરવાની ઘટના સામાન્ય બનતી ગઈ. આવી ચેક બાઉન્સિંગ ઘટનાઓ ચાલવા લાગી છે, જે રાષ્ટ્રવ્યાપી સમસ્યારૂપ થઈ ગઈ છે. લેણદારો નછૂટકે કોર્ટ કેસ કરી દે છે. દેશની અદાલતોમાં ચેક બાઉન્સિંગના અડતાળીસ લાખ જેટલી સંખ્યામાં આજે કેસો પેન્ડીંગ છે. લોકપ્રિય કલાકારો, નિર્માતાઓ, ફાયનાન્સ કંપનીઓ, બિલ્ડરો, બેધડક પોતાના લેણદારોને ખોટા ચેક પકડાવી દે છે. લોનની હપ્તાની રકમ ચુકવવામાંયે આવું બને છે. ખાતામાં નાણાં નહીં હોવા છતાં ખોટા ચેક જારી કરનાર વ્યક્તિને કંપની કેદની સજા થઈ શકે છે. ઠગાયેલ લેણદાર ચેક લેનાર સાથે ફોન પર ઝઘડો કરે કે અસામાજિક બળિયા મારફત વસુલાતના પ્રયાસ કરે અને અંતે અદાલતમાં જાય તેવું બને છે.

અદાલતોમાં મંથર ગતિએ કાર્યવાહી વર્ષો સુધી ચાલે છે. ઝડપી ઉકેલ માટે સુપ્રિમ કોર્ટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે, જેમાં સમસ્યા માત્ર રેગ્યુલર રીતે જ નહીં. ઈલેક્ટ્રોનિક માધ્યમથી પણ મોકલવાના રહેશે. હવે વધારાની અદાલતોની માગણી થઈ રહી છે, તે ચલાવવા વધારાના હજારો ન્યાયાધીશોની જરૂરત પડી શકે. હાલમાં જ જજોની ભારે ખેંચ છે. ખોટો ચેક આપનાર વ્યક્તિ અથવા કંપની ''નેગોથિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ''ની કલમ એકસો આડત્રીસનો ભંગ કરે છે. ચેક બાઉન્સિંગના લાખો-ચેક- દેશની અર્થવ્યવસ્થાને પણ ભારે હાનિ પહોંચાડે છે.

અદાલતમાં મામલાની સુનાવણી દરમિયાન રકમ ભરપાઈ કરવા માટે તૈયાર હોય તો તેને સમજૂતી દ્વારા રાહત મળી શકે છે, દંડથી બચી શકે છે. પરત ફરતી હૂંડી કહો કે ચેક બાઉન્સિંગ કહો તે બાબત રાષ્ટ્રપ્રેમીઓ માટે વ્યથાનો વિષય જ ગણાય.

**સુરત- યૂસુફ એમ. ગુજરાતી**

### અશાંતધારાનો કડક અમલ કરો

હાલમાં જ કોટ વિસ્તારમાં રહેતાં કેટલાક રહીશોએ અશાંતધારા ભંગ અને છૂટછાટ કરવાની અયોગ્ય અને બિનવ્યવહારુ રજૂઆત કલેક્ટરને કરી હતી જે જનહિતમાં બિલકુલ અયોગ્ય અને બિનવ્યવહારુ છે. આ અંગે આ રહીશોએ એવું જણાવ્યું હતું કે બીમારી અને નાણાંની જરૂરિયાત હોવાથી અશાંતધારામાં છૂટછાટ આપવા વિનંતી કરી હતી. માત્ર ને માત્ર એક કે બે રહીશો માટે અશાંતધારામાં સુધારો કરવો અશક્ય છે. આ ધારાના અમલનો મુખ્ય હેતુ જ શાંતિનો છે અને શાંતિનો કોઈ વિકલ્પ જ નથી તો આ ધારાનો કડક અમલ થાય તે માટે પ્રયત્ન થવો જોઈએ.

**સુરત- રાજુ રાવલ, મોટા મંદિર**